ફા.ક્ર: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૫)
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૫/૦૯/૨૦૨૨

પ્રતિ,
(૧) સેકશન અધિકારીશ્રી (ઝ શાખા),
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી (આર શાખા),
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૩) સેકશન અધિકારીશ્રી (ડ-શાખા),
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૪) સેકશન અધિકારીશ્રી (આર-૧, મ-૧ શાખા),
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૫) સેકશન અધિકારીશ્રી (અ શાખા),
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા તજજ્ઞ સમિતિની તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષસ્થાને તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આપની દરખાસ્તો અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા દરખાસ્ત હેઠળના સંવર્ગો માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરેલ છે. ઉકત બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે આપને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(P.T.O.)

નકલ રવાના:- (કાર્યવાહી નોંધની નકલ સાથે)

(૧) કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર તરફ.. કાર્યવાહી નોંધને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

પેટા તજજ્ઞ સમિતિની **તા.૨૫/૦૮/૨૦૨૨**ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે **તા.૨૫/૦૮/૨૦૨૨**ના રોજ ૧૧:૦૦ કલાકે બેઠક મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. સં.સ.શ્રી(સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

- **એજન્ડા નં. ૧** :- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના **ગુજરાત વિકાસ સેવા વર્ગ-૧ ના કુલ ૪ સંવર્ગોમાં તથા ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત** કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**કાર્યવાહી:** પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ઉક્ત જગાઓ માટે તજજ્ઞ સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા કરી નીચે મુજબ દિવ્યાંગતાઓ નિયત કરેલ છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ (તાલુકા વિકાસ અધિકારી) | ૨ | - | LV | D, HH(40-70)% | OA, OL,OAL,CP, LC, Dw, AAV | ASD, SLD MI(40-70%), MD(40-70%) | **B, LV** | **D, HH** | **OA, OL,OAL,BL,BA, CP,LC, Dw, AAV** | **ASD, SLD, MI, MD** |
| ૨ | નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૧ | ૭૫ | LV | D, HH(40-70)% | OA, OL,OAL,CP, LC, Dw, AAV | ASD, SLD MI(40-70%), MD(40-70%) | **B, LV** | **D, HH** | **OA, OL,OAL,BL,BA, CP,LC, Dw, AAV** | **ASD, SLD, MI, MD** |
| ૩ | આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧૩ | LV | D, HH(40-70)% | OA, OL,OAL,CP, LC, Dw, AAV | ASD, SLD MI(40-70%), MD(40-70%) | **B, LV** | **D, HH** | **OA, OL,OAL,BL,BA, CP,LC, Dw, AAV** | **ASD, SLD, MI, MD** |
| ૪ | મદદનીશ વિકાસ કમિશનર/મદદનીશ ગ્રામ | ૧ | ૦૮ | LV | D, HH(40-70)% | OA, OL,OAL,CP, LC, Dw, AAV | ASD, SLD MI(40-70%), MD(40-70%) | **B, LV** | **D, HH** | **OA, OL,OAL,BL,BA, CP,LC, Dw, AAV** | **ASD, SLD, MI, MD** |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિકાસ કમિશનર | | | | | | | | | | |
| ૫ | નાયબ નિયામક-રાજ્ય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજભવન-જુનાગઢ | ૧ | ૦૧ | LV | D, HH(40-70)% | OA, OL,OAL,CP, LC, Dw, AAV | ASD, SLD MI(40-70%), MD(40-70%) | B, LV | D, HH | OA, OL,OAL,BL,BA, CP,LC, Dw, AAV | ASD, SLD, MI, MD |

- **<u>એજન્ડા નં. ૨</u>** :- <u>સામાન્ય વહીવટ વિભાગ</u> હસ્તકના તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) હસ્તકના સેકશન અધિકારી (વર્ગ-૨), નાયબ સેકશન અધિકારી(વર્ગ-૧) અને ઓફિસ આસીસ્ટન્ટ (વર્ગ-3)ની કામગીરી સમાન પ્રકારની હોઇ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૨ના ઠરાવથી માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને GPSC હેઠળના સમાન સંવર્ગો માટે માન્ય રાખવાનો નિર્ણય GPSC દ્વારા કરવામાં આવેલ છે. સદર દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવા તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

  **<u>કાર્યવાહી</u>:** સામાન્ય વહીવટ વિભાગની દરખાસ્ત અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા થયેલ, પરંતુ સમિતિના સભ્યો અને વિભાગના અધિકારીઓ સાથેની ચર્ચામાં સંપૂર્ણ અંધ(Blind) ઉમેદવારને માન્ય ગણવા કે કેમ? તે બાબતે સમિતિ નિષ્કર્ષ પર ના આવી શકતા, કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યકતિઓ માટેના અંધ અરજદાર માટે તેમની શૈક્ષણિક ક્ષમતા અને અન્ય બાબતોનો અભ્યાસ કરીને તારણ રજૂ કરશે એમ નક્કી થયેલ જે મુજબ આગામી સમિતિની બેઠક માટે ઉક્ત એજન્ડા ચર્ચા અર્થે લેવાનુ નક્કી થયેલ.

- **<u>એજન્ડા નં. 3</u>** :- <u>અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હસ્તકના</u> **ત્રણ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત** તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

  **<u>કાર્યવાહી</u>**: અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની દરખાસ્ત અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા થયેલ, પરંતુ સમિતિના સભ્યો અને વિભાગના અધિકારીઓ સાથેની ચર્ચામાં નિષ્કર્ષ ન આવી શકતા, આગામી સમિતિની બેઠક માટે ઉક્ત એજન્ડા ચર્ચા અર્થે લેવાનુ નક્કી થયેલ.

- **<u>એજન્ડા નં. ૪</u>** :- <u>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના</u> **"ફોરમેન ઇન્સ્ટ્રક્ટર,** વર્ગ-3" અને "આસીસ્ટન્ટ સ્ટોરકીપર" સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવા તથા તજજ્ઞ **સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

હેઠળના શ્રમ તંત્ર હસ્તકના પાંચ સંવર્ગો માટે, તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ "Deaf (D)" પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા કરેલ દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**કાર્યવાહી:** ફોરમેન ઇન્સ્ટ્રક્ટર, વર્ગ-૩" અને "આસીસ્ટન્ટ સ્ટોરકીપર" સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવા બાબતે સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા કરી, નીચે મુજબ દિવ્યાંગતાઓ નિયત કરેલ છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | આસીસ્ટન્ટ સ્ટોરકીપર | 3 | ૩૪૪ | LV | D, HH | OA, OL,CP,LC, Dw, AAV | MD | LV (40-70%) | D, HH | OA, OL,CP,LC, Dw, AAV | MD |
| ૨ | ફોરમેન ઇન્સ્ટ્રક્ટર | 3 | ૩૪૪ | LV | D, HH | OA,OAL, OL,CP,LC, Dw, AAV | MD | LV (40-70%) | D, HH | OA,OAL, OL,CP,LC, Dw, AAV | MD |

- તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના શ્રમ તંત્ર હસ્તકના પાંચ સંવર્ગો માટે, તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ "Deaf (D)" પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા થયેલ, પરંતુ સમિતિના સભ્યો અને વિભાગના અધિકારીઓ સાથેની ચર્ચામાં નિષ્કર્ષ ન આવી શકતા,વિભાગના ઉચ્ચ અધિકારીશ્રી અને ખાતાના વડાના ઉચ્ચ અધિકારીશ્રી આગામી સમિતિની બેઠકમાં હાજર રહે અને પુરતી વિચારણા બાદ નિર્ણય લેવાય તેમ નક્કી થયેલ.

- **એજન્ડા નં. ૫** :- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકના કુલ ૧૦ સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગો ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં ન હોઇ, સદર સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**કાર્યવાહી:** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અધિકારીઓ વહીવટી કારણોસર તેમની દરખાસ્તના સમયે રજૂઆત કરવા ઉપસ્થિત ન હોઇ, આગામી સમિતિની બેઠક માટે ઉક્ત એજન્ડા ચર્ચા અર્થે લેવાનુ નક્કી થયેલ.

**<u>Code and functional classification</u>**:- Blind (**B**), Low vision (**LV) (40-70)%,** Deaf (**D**), **[**Hard of hearing(**HH) (40-70)%]**, **[**Locomotor disability (**LD**) **:- OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA** (both legs and arms) , **BLOA** (both legs one arm), **OABL** (one arm both legs), **BAOL** (both arms one leg), **BABL** (both arms both leg), **OAOL**(one arm one leg) **]**, Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**),
[Autism Spectrum Disorder **(ASD) M**-Mild**, MoD**-Moderate],
[Multiple Disabilities **(MD) :- (**Disabilities included in group **(A)** to **(D)].**

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવશ્રી અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. હિતેષ બ્રહ્મભટ્ટ)
મદદનીશ નિયામકશ્રી-તબીબી સેવા,
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણની કચેરી.

(વિક્રમસિંહ કે. જાદવ)
નિયામકશ્રી
સમાજ સુરક્ષા ખાતું.

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવશ્રી
વતી નાયબ સચિવશ્રી (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનરશ્રી,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની **તા.૨૫/૦૮/૨૦૨૨**ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અધ્યક્ષ).
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. સંયુક્ત સચિવશ્રી, (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ વતી ઉપ સચિવશ્રી(સા.વ.વિ.).
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી મદદનીશ નિયામક તબીબી સેવા.

બેઠકમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતાં.